# પ્રકરણ - ૧૫ જાતીય રોગ અને પ્રજનન અંગોના બીજા ચેપ




**વિષયસૂચિ :**


**૧.૦ જાતીય રોગ સ્ત્રીઓની ગંભીર સમસ્યા છે.**
૧.૧ જાતીય રોગનું જોખમ વધુ છે એ શી રીતે જાણશો ?
૧.૨ જાતીય રોગ થાય તો શું કરશો ?
**૨.૦ શરીર ધોવાવું (જાતીય રોગમાં થતો યોનિસ્ત્રાવ)**
૨.૧ અસામાન્ય યોનિસ્ત્રાવના કારણો
**૩.૦ ગુપ્તાંગ પર મસા (Warts) થવા**
**૪.૦ ગુપ્તાંગ પર ચાંદા પડવા**
**૫.૦ ગુપ્તાંગમાં હર્પિસ**
**૬.૦ અન્ય જાતીય રોગ**
**૭.૦ જાતીયરોગના ગંભીર પરિણામ**
૭.૧ પેઢુમાં સોજાનો રોગ (PID)
૭.૨ બાર્થોલીન ગ્રંથિનો ચેપ
૭.૩ નવજાત શિશુને ચેપ
**૮.૦ જાતીય રોગોમાં રાહત**
**૯.૦ જાતીય રોગ માટે દવાઓ**
**૧૦.૦ પરિવર્તન માટે પ્રયાસ**

કેટલાક જાતીય રોગોના કોઇ બાહ્ય ચિહ્નો હોતા નથી. આ પ્રકરણમાં તમને એ રોગ લાગવાનું જોખમ છે કે નહિ તે શીખશો અને એ રોગ લાગે તો સારવાર કેવી રીતે કરવી તે શીખશો. આ પ્રકરણમાં તમે ગુહ્યાંગોની એવી કેટલીક સમસ્યાઓની સારવાર પણ શીખશો જે જાતીય સંપર્કથી ફેલાતી નથી.

જો તમને રોગના ચિહ્નો હોય તો : તમને જે ચિહ્નથી સૌથી વધુ મુશ્કેલી થતી હોય તે અંગેનો ફકરો શોધીને વાંચો. જો તેમાં પણ તમારી સમસ્યાનો જવાબ ના હોય તો બીજા ચિહ્નો સાથે આનું વર્ણન કર્યું હોય તેવો ફકરો શોધીને વાંચો. તમારી સમસ્યાનો જવાબ જરૂર મળશે.

આ પ્રકરણમાં જુદી જુદી દવાઓ વિશે પણ જાણકારી આપેલી છે. દરેક દવા વાપરતાં પહેલાં તે દવાની પૂરેપૂરી માહિતી ધ્યાન પૂર્વક વાંચી અને સમજી લેવી. દવાઓની માહિતી માટે ''દવાઓનો ઉપયોગ'' પ્રકરણ જુઓ. તે ઉપરાંત આ પુસ્તકના લીલા પાનાઓ પણ જરૂર જોઇ જાઓ. તેમાં દવાઓ વિશે હજી વધુ માહિતી આપેલી છે. આપણા દેશમાં દવા-નિયમનના કાયદાઓનું કડક અમલીકરણ નથી થતું. છતાં તમારે જાણવું જોઇએ કે, તેમાંની કોઇ પણ દવા ડૉક્ટરની ચિઠ્ઠી/ભલામણ વગર લેવી ગેરકાયદેસર છે.



જાતીય રોગ એટલે એવા ચેપ જે સંભોગ દ્વારા એકથી બીજાને લાગે છે. કોઇ પણ પ્રકારના સંભોગથી જાતીય રોગ ફેલાઇ શકે છે. ઉદા. શિશ્ન-યોનિ સંપર્ક, શિશ્ન-ગુદા સંપર્ક, મુખ સંભોગ, વગેરે. કેટલીક વાર સંભોગ ના થયો હોય પરંતુ માત્ર ચેપ લાગેલા ગુપ્તાંગ એકબીજાના સંપર્કમાં આવે તેથી પણ ચેપ ફેલાય છે.

આ પ્રકરણમાં જાતીય સંભોગથી ના ફેલાતા પણ ગુપ્તાંગોમાં થતા ચેપની સારવાર પણ તમે શીખશો.

> જાતીય રોગની સારવાર બંને સાથીઓ સાથે કરાવે તો તે વહેલા મટે છે.

કેટલીકવાર પ્રજનન અંગોમાં ચેપ લાગવાનું કારણ બીજું જ હોય છે. જેમ કે, કાંઇ વાગી જાય ત્યાર પછી ચેપ થાય, આ અંગોમાં ચોખ્ખાઇ ના જાળવવામાં આવે ત્યારે, તે ભાગોમાં આવતી ફૂગ કે અન્ય જીવાણુનો અતિરેક થવો વગેરે. સ્ત્રીઓને ખાસ કરીને માસિક વખતે ચોખ્ખાઇ ના જળવાય, ગર્ભપાત કે સૂવાવડ વખતે જીવાણુનો ચેપ લાગે, યોનિમાં સામાન્ય રીતે પ્રવર્તતા રોગાણુ ખૂબ વધી જાય, ફૂગ થાય વગેરે કારણોથી પ્રજનન માર્ગમાં વિવિધ ચેપ લાગે છે. આ રોગાણુ માત્ર સ્પર્શ દ્વારા પણ એકબીજાના પ્રજનનઅંગો પર લાગે છે અને આમ ચેપ ફેલાય છે.

જાતીય રોગની વહેલી સારવાર ના કરો તો -

- ✸ સ્ત્રી-પુરૂષ બંનેને વંધ્યત્વ આવી શકે છે.
- ✸ બાળક બહુ વહેલુ જન્મે, બહુ નાનુ જન્મે કે આંધળુ જન્મે
- ✸ ગંભીર ચેપથી અથવા એઇડ્ઝથી મરણ થાય.
- ✸ બીજનલિકામાં ગર્ભ રહે.
- ✸ પેઢુમાં કાયમી દુઃખાવો રહે.
- ✸ યોનિ મુખનું કેન્સર થાય.

## ૧.૦ જાતીય રોગ સ્ત્રીઓ માટે ગંભીર સમસ્યા છે.



સ્ત્રી અને પુરૂષ બંનેને જાતીય રોગ થઇ શકે છે. પરંતુ પુરુષને સ્ત્રીનો ચેપ લાગે તેના કરતાં સ્ત્રીને-પુરુષનો ચેપ વધારે સહેલાઇથી અને ઝડપથી લાગે છે. કારણ કે સંભોગ દરમ્યાન સ્ત્રીના કોઇ પણ અંગની અંદર (યોનિ, મુખ કે ગુદામાં) પુરુષનું શિશ્ન જાય છે. નિરોધ ન વાપર્યો હોય તો, વીર્યસ્ત્રાવ જેની સાથે ચેપના જીવાણુ પણ હોઇ શકે છે તે તેના શરીરની છેક અંદર છોડવામાં આવે છે અને તે ત્યાં રહે છે. તેથી ગર્ભાશય અને બીજા અંગોમાં જીવાણુનો ચેપ જલ્દી ફેલાઇ જાય છે.

મોટા ભાગના ચેપ સ્ત્રીના શરીરની અંદરના ભાગમાં લાગે છે, તેથી તેના બાહ્ય-ચિહ્નો મોટે ભાગે પુરુષની જેમ સહેલાઇથી દેખાતા નથી. તેથી તેને કયો ચેપ છે તે નક્કી કરવાનું અઘરું છે. લેબોરેટરી તપાસથી કેટલાક જાતીયરોગોની તપાસ થઇ શકે છે. પરંતુ તે મોંઘા છે અને બધે પ્રાપ્ય નથી. વળી તેનાથી પણ ચેપ લાગ્યો છે કે કેમ અને લાગ્યો હોય તો કયા રોગાણુ તે કહેવુ મુશ્કેલ હોય છે.

### સ્ત્રીઓને જાતીય રોગ કેમ લાગે છે ?

આપણા દેશમાં સામાન્ય રીતે સ્ત્રીઓ તેના પતિને સંભોગ કરવા બાબતે ના નથી કહી શકતી. તેઓને એ પણ ખબર નથી હોતી કે તેના પતિ/સાથીને અન્યત્ર જાતીય સંબંધ છે કે નહીં.



જો તે પુરૂષ બીજી સ્ત્રી કે પુરૂષ સાથે સંબંધ રાખતો હોય અને તેને ચેપ હોય તો આ સ્ત્રીને પણ તે ચેપ આપશે. તે રીતે તદ્દન નિર્દોષ સ્ત્રીને પણ ચેપ લાગે છે.

> જો જાતીય રોગની લેબોરેટરી તપાસના સહેલા અને સસ્તા સાધનો ઉપલબ્ધ હોય તો સ્ત્રીઓને આપણે ઘણી બિનજરૂરી દવાઓ લેવામાંથી બચાવી શકીએ.

> જાતીય રોગ પુરૂષોને પણ દુઃખદાયક નીવડે છે.
> જો જાતીય રોગ લાંબો સમય રહે તો તે પુરૂષ
> ✸ વંધ્ય બની જાય છે.
> ✸ તેને ખૂબ દુઃખાવો થાય છે.
> ✸ એઇડ્ઝ જેવા રોગથી મરી જાય છે.



કોઇ સ્ત્રીને જો નીચેનામાંથી એક કે વધારે ચિન્હો હોય તો તેને જાતીય રોગ હોઇ શકે.

✸ યોનિમાર્ગે ધાત (પ્રદર કે પ્રવાહી) પડે
✸ પેઢુમાં નીચેના ભાગમાં દુઃખાવો હોય.
✸ ગુપ્તાંગ પર ફોલ્લીઓ કે ચાંદુ કે ગાંઠ હોય.



### ૧.૧ જાતીય રોગનું જોખમ વધુ છે એ શી રીતે જાણશો ?

ઉપરોક્ત નિશાનીઓ ના હોય તો પણ સ્ત્રીને જાતીય રોગ હોઇ શકે છે.

જો

✸ તેના સાથીને રોગની નિશાનીઓ હોય
✸ છેલ્લા ત્રણ માસમાં સ્ત્રીને એવા સાથી જોડે સંબંધ થયો છે જે અન્ય વ્યક્તિ સાથે સંબંધ રાખતો હતો.




- તેને પોતાને એક થી વધુ વ્યક્તિ સાથે જાતીય સંબંધ હોય.
- તેના સાથીને તેના ઉપરાંત બીજાની સાથે પણ જાતીય સંબંધ છે એમ તેને લાગે છે.

તો આ સ્ત્રીને જાતીય રોગ થવાની સંભાવના ઘણી છે. તેણે અવારનવાર તેની તપાસ કરાવી લેવી જોઇએ.

**૧.૨ જાતીય રોગ થાય તો શું કરશો ?**

- તરત સારવાર લો.
- ખૂબ બિમાર થાવ તેની રાહ ન જુઓ.
- તમારા સાથીને પણ તમારી સાથે જ સારવાર અપાવો.
- બધી દવાઓ બરાબર પૂરી કરો.
- સલામત જાતીય સંબંધ જાળવો.
- સિફીલીસની લેબોરેટરી તપાસ કરાવી લો.
- એચઆઇવીની પણ તપાસ કરાવી લો.

## ૨.૦ શરીર ધોવાવું (જાતીય રોગમાં થતો યોનિસ્ત્રાવ)

દરેક સ્ત્રીને યોનિમાર્ગે થોડુંક પ્રવાહી વહેતું જ હોય છે. યોનિમાર્ગની સફાઇ રાખવાની આ એક કુદરતી રીત છે. સામાન્ય સ્ત્રાવથી દરેક સ્ત્રી પરિચિત હોય છે જ. માસિક સમયે કે સગર્ભાવસ્થામાં તેમાં ફેરફાર આવી શકે છે. તદ્દુપરાંત માસિકચક્રમાં ચોક્કસ દિવસોમાં તે પ્રવાહીમાં વધ-ઘટ થાય છે કે તે વધુ સ્નિગ્ધ કે ઘટ્ટ બને છે.

જો યોનિ સ્ત્રાવમાં રંગ કે ગંધ બદલાય કે વધારે પડતું પ્રવાહી આવવા જેવો ફેરફાર ધ્યાન પર આવે તો ચેપ છે એમ કહી શકાય. આ સામાન્ય ચેપ હોઇ શકે જે જાતીય સંપર્કથી ન પણ ફેલાયો હોય છતાં તેની દવા કરાવો. જો દવા પૂરી થયા પછી પણ સ્ત્રાવમાં ફેરફાર ન થાય તો ડૉક્ટર પાસે તપાસ કરાવો. કેન્સર પણ હોઇ શકે છે.

> જો યોનિસ્ત્રાવની સાથે પેઢુમાં દુઃખાવો હોય તો/અંદરના પેઢુમાં ચેપ છે એમ કહી શકાય/માટે તરત જ દવા લો.

**૨.૧ અસામાન્ય યોનિસ્ત્રાવના કારણો :**

નીચેના ઘણા કારણોસર અસામાન્ય (abnormal) યોનિસ્ત્રાવ થઇ શકે છે. **(યીસ્ટ, કેન્ડીડા, સફેદ યોનિસ્ત્રાવ).**

> આમાંથી કોઇપણ ચેપ કોઇ જ ચિહ્નો ના હોય તો પણ તમને હોઇ શકે.

ફુગ : ફુગ જાતીય સંપર્કથી નથી ફેલાતી. તમે સગર્ભા હો કે ડાયાબીટીસના રોગી હો કે જીવાણુવિરોધી દવા લેતા હો તો ફુગ થઇ શકે છે. એચઆઇવી/એઇડ્ઝની સાથે પણ ફુગ થઇ શકે.



ચિહ્નો :

* દહીંના ફોદા જેવો યોનિસ્ત્રાવ.
* પેશાબમાં બળતરા થાય.
* યોનિની અંદર કે બહારની ચામડી તગતગતી (બ્રાઇટ) લાલ થઇ જાય ક્યારેક તેમાંથી લોહી ફૂટે.
* યોનિમાં ખૂબ ખંજવાળ થાય.
* ખરાબ વાસ આવે.

**યોનિમાં જીવાણુનો ચેપ :**

આ ચેપ પણ જાતીય સંપર્કથી થતો નથી. સગર્ભા બેનને આ ચેપને લીધે બાળક અધૂરા માસે જન્મે તેવું પણ બની શકે છે.



ચેપના ચિહ્નો :

* સામાન્ય કરતાં ઘણો વધુ યોનિસ્ત્રાવ.
* માછલી જેવી વાસ મારે (ખાસ કરીને સંભોગ પછી)
* સાધારણ ખંજવાળ આવે.

સારવાર : જીવાણુના ચેપ માટે નીચે મૂકેલા બન્ને બોક્સમાં લખેલી દવા લેવી જોઇએ.

યોનિમાર્ગે થતા સ્ત્રાવ માટે નીચેની દવાઓ લઇ શકાય છે.

અગત્યનું : દવાઓ યોગ્ય તબીબની સૂચનાથી જ લેવી.

**યોનિસ્ત્રાવ માટેની દવાઓ**

| દવા | કેટલી લેવી | ક્યારે અને કેવી રીતે લેવી. |
|---|---|---|
| કલોટ્રાઇ મેઝોલ ઇન્સર્ટ (યોનિમાં મૂકવાની ગોળી) | ૫૦૦ મિગ્રામ | આ ગોળી યોનિમાં છેક અંદર એક દિવસ માટે મૂકો. |
| અથવા | | |
| જેન્શન વાયોલેટ | ૧% પ્રવાહી | રાત્રે આ દવામાં ભીનુ કરેલુ રૂનું પૂમડું યોનિમાં ઊંડેથી મૂકો અને બીજે દિવસે કાઢી નાંખો. આમ ૧૫ દિવસ દરરોજ રાત્રે કરવું. |
| મેટ્રોનીડાઝોલ ગોળીઓ | ૪૦૦ મિગ્રામ | સ્ત્રી અને તેના સાથી બંનેએ એક જ સમયે દિવસમાં ત્રણ વાર આ ગોળી સાત દિવસ સુધી લેવી. (આ દવા લેતા હો ત્યારે દારૂ પીવાતું બંધ રાખો.) |

**ગુપ્તાંગોમાં ખંજવાળ**

ઘણા કારણોથી આવું થાય છે. યોનિમુખની આસપાસ ખંજવાળ આવે તો તે ફૂગ કે ટ્રાઇકોમોનાસ થી થાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે સારવાર કરવી. ગુપ્તાંગોના વાળમાં ખંજવાળ આવે તો તે ખસ કે જૂ ના કારણે હોય છે. તે માટે ગામાબીએચસી કે લીમડાનો ઉપયોગ કરવો. કેટલીક વાર સાબુ કે સુગંધી દ્રવ્યો કે રસાયણોથી પણ ખંજવાળ થાય છે. આ ભાગને ચોખ્ખા પાણીથી ધોઇને કોરો રાખવાથી મોટાભાગની ખંજવાળ જતી રહે છે. કોઇવાર અંદર પહેરવાના કપડાં પોલિએસ્ટરના હોવાથી પણ આવું થઇ શકે છે. તમને કયું કારણ લાગુ પડે છે તે શોધીને તેની સારવાર કરો.



**ટ્રાઇકોમોનાસ :**

આ બહુ ગંભીર ચેપ નથી. પરંતુ તેનાથી સ્ત્રીને ખૂબ ખંજવાળ થાય છે. પુરૂષને કોઇ ચિહ્નો ના હોય તો પણ તે ચેપ સંભોગ દરમ્યાન સ્ત્રીને આપી શકે છે. કેટલીકવાર પુરુષને આ ચેપ લાગ્યો હોય ત્યારે શિશ્ન માર્ગે સફેદ કે લીલાશ પડતું પ્રવાહી નીકળે છે અને પેસાબમાં તકલીફ પડે છે.

**સ્ત્રીઓમાં ચિહ્નો :**

- ✸ રાખોડી કે પીળાશ પડતો ફીણ જેવો યોનિસ્ત્રાવ.
- ✸ ખરાબ વાસ આવે.
- ✸ યોનિ અને તેની આસપાસની ચામડી ખંજવાળથી લાલ થઇ જાય.
- ✸ પેશાબમાં બળતરા કે દુઃખાવો.



કોઇ પણ ચિહ્ન વગર પણ તમને જાતીય રોગ હોઇ શકે છે.

**ગોનોરિયા અને કલેમાડીયા :**

આ બન્ને ગંભીર બિમારીઓ છે. તેનાથી સ્ત્રી-પુરુષ બંનેમાં ગંભીર ચેપ અને વંધ્યત્વ આવી શકે છે. જો કે તેની વહેલી સારવારથી તે સહેલાઇથી મટી પણ જાય છે. પુરૂષમાં ચેપ લાગે એટલે ૨ થી ૫ દિવસમાં ચિહ્નો દેખાય છે. પુરુષમાં ચેપ લાગવા છતાં ચિન્હો ના જણાય એવું પણ બને. પણ સ્ત્રીને મહિનાઓ સુધી કોઇ પણ ચિહ્ન ના આવે તેવું ય બને. બન્ને જણ બીજાને જાતીય સંપર્કથી આ ચેપ આપી શકે છે.

**સ્ત્રીના ચિહ્નો**

* પીળા કે લીલા રંગનો યોનિસ્ત્રાવ કે ગુદામાંથી સ્ત્રાવ
* તાવ
* પેઢુમાં દુઃખાવો
* સંભોગ સમયે લોહી પડવું, દુઃખાવો થાય
* ક્યારેક આમાનું કશું જ ના થાય.

**પુરૂષના ચિહ્નો**

* શિશ્નમાંથી સ્ત્રાવ
* પેશાબમાં બળતરા, દુઃખાવો
* વૃષણનો સોજો અને દુઃખાવો થાય.
* અથવા કોઇ ચિહ્નો ના હોય.

**જ્યારે તમને જાતીય રોગ થવાનું જોખમ છે ત્યારે સારવાર રૂપે લેવાની દવાઓ**

(આ દવાઓથી ગોનોરિયા, કલેમાઇડીયા અને ટ્રાઇકોમોનાસના ચેપ મટે છે.)

| દવા | કેટલી લેવી | ક્યારે અને કેવી રીતે લેવી. |
|---|---|---|
| નોરફ્લોક્સાસિન ગોળી | ૮૦૦ મિગ્રામ | મોં વાટે એક જ વાર લેવી. |
| + | | |
| ડોક્સીસાઇકલીન કેપ્સુલ | ૧૦૦ મિગ્રામ | મોં વાટે દિવસમાં બે વાર સાત થી દસ દિવસ માટે લેવી. (સગર્ભા કે ધાત્રી બેનોએ ના લેવી.) |
| + | | |
| મેટ્રોનીડાઝોલ ગોળી | ૪૦૦ મિગ્રામની ગોળી ૨ ગ્રામ કુલ લેવાની છે (૨૦૦૦ મિ.ગ્રામ) | બધી ગોળીઓ એક સાથે મોં વાટે લેવી જોઇએ. (જો સગર્ભા હો તો બધી એક સાથે ન લેવી. આ સંજોગોમાં ૪૦૦ મિગ્રા ગોળી દિવસમાં બે વાર, સાત દિવસ માટે લેવી.) |

સ્ત્રાવનું કારણ જાતીય રોગ હોઇ શકે તેમ લાગતું હોય તો નીચેની જીવાણુ વિરોધી દવાઓનો બરાબર ઉપયોગ કરો. આ દવાઓ ગોનોરિયા, કલેમાઇડીઆ અને ટ્રાઇકોમોનાસ ના ચેપને મટાડે છે.

| | |
|---|---|
| કોટ્રાઇમોક્સેઝોલ (400 mg ટ્રાઇમીથોપ્રીમ) + 80 mg સલ્ફામીથોક્સેઝોલ | દરરોજ ૧૦ ગોળી એક સાથે ત્રણ દિવસ સુધી લેવી. |
| + ડોક્સીસાઇકલીન - 100 mgm | દરરોજ એક ગોળી દિવસમાં બે વાર સાત દિવસ સુધી લેવી (સગર્ભાવસ્થામાં ના લેવી) |
| + મેટ્રોનિડાઝોલ - 2000 mgm | ૧૦ ગોળી (200 mg) એક સાથે અથવા બે-બે કરીને બે દિવસમાં પૂરી કરો. |

ઘણી જગાએ કોટ્રાઇમોક્સેઝોલ ધાર્યું પરિણામ ન આપતી હોય તો અન્ય જીવાણુ વિરોધી દવાનો ઉપયોગ કરવો. ત્યારે નીચે મુજબ દવાઓ લેવી પડે.

**જાતીય રોગ સિવાય શરીર ધોવાતું હોય ત્યારે લેવાની દવાઓ**

**(જાતીય સંબંધથી ના ફેલાતા હોય તે રોગ માટે)**

**યોનિમાં ફૂગનો ચેપ (યીસ્ટ) :**

- માઇકોનેઝોલ ૨૦૦ મિગ્રા. ની અંદર મૂકવાની ગોળીઓ યોનિમાં દરરોજ રાત્રે ત્રણ દિવસ સુધી મૂકો.
- નિસ્ટાટીન ૧૦,૦૦,૦૦૦ યુનિટની અંદર મૂકવાની ગોળીઓ યોનિમાં દરરોજ રાત્રે સાત દિવસ સુધી મૂકો.
- વીનેગર ૩ ચમચા વીનેગરને ૧ લીટર ચોખ્ખા પાણીમાં (ઉકાળીને ચોખ્ખા કરેલા) મિક્સ કરી રૂના ટુકડાને તેમાં બોળીને યોનિમાં ઉંડે મૂકો. ત્રણેક દિવસ આમ મૂકવાથી સારી અસર જોવા મળે છે. દરરોજ સવારે આ રૂ કાઢીને ફેંકી દેવું.

**ટ્રાઇકોમોનાસ અને જીવાણુનો યોનિમાં ચેપ :**

- મેટ્રોનિડાઝોલ : ૨ ગ્રામ (૨૦૦૦ મિગ્રા.) કુલ (૪૦૦ મિગ્રા.ની પાંચ ગોળી) એક સાથે લેવી. જો સગર્ભાવસ્થા હોય તો ૪૦૦ મિગ્રા. દિવસમાં બે વાર સાત દિવસ લેવી.
- મેટ્રોનિડાઝોલ યોનિમાં મૂકવાની ગોળીઓ : ૫૦૦ મિગ્રા.ની આ ગોળી દિવસમાં બે વાર યોનિમાં ઉંડેથી મૂકો. ૧૦ દિવસ મૂકવાથી આરામ થશે.
- ટીનિડાઝોલ : મેટ્રોનિડાઝોલ જેવી જ માત્રા અને રીતથી વાપરવાની છે.



**શરીર ધોવાવાના રોગ (વજાઇનલ ડીસ્ચાર્જ) માટે બીજી દવાઓ**

**(જાતીય સંબંધથી ફેલાતા રોગની શક્યતા હોય ત્યારે)**

(અહીં ગોનોરિયા અને કલેમાઇડીયા બન્ને રોગની દવાઓ આપેલ છે. કારણકે આ બન્નેમાંથી કયો રોગ લાગ્યો છે તે કહેવું મુશ્કેલ છે. તેથી બન્નેની દવાઓ તમારે લેવી પડશે. ટ્રાઇકોમોનાસની પણ સારવાર લેવી પડશે.)

**ગોનોરિયા માટે :**

નોરફ્લોક્સાસિન : ૮૦૦ મિગ્રા. મોઢેથી

અથવા સિપ્રોફ્લોક્સાસિન : ૫૦૦ મિગ્રા. મોઢેથી

} આ બન્ને દવાઓ ગર્ભવતી બેનો, ધાવણ આપતી માતાઓ કે ૧૬ વર્ષથી નાની છોકરીઓએ લેવી નહિ.

અથવા સેફ્ટ્રીયાક્સોન : ૨૫૦ મિગ્રા. સ્નાયુમાં ઇંજેક્શનથી

અથવા કેનામાઇસીન : ૨ ગ્રા. સ્નાયુમાં ઇંજેક્શનથી

(સગર્ભા અને ધાત્રી માતાઓએ ના લેવી)

(તમામ દવાઓ એક વાર જ લેવાની છે.)

**કલેમાઇડીયા માટે**



✸ ટેટ્રાસાઇક્લીન ૫૦૦ મિગ્રા. મોંઢેથી દિવસમાં ૪ વખત અને ૭ દિવસ સુધી લેવી.

(ગર્ભવતી અને ધાત્રી બેનો ના લે)

અથવા ઇરીથ્રોમાઇસીન : ૫૦૦ મિગ્રા. મોંઢેથી દિવસમાં ૪ વખત અને ૭ દિવસ સુધી લેવી.

અથવા એમોક્સિસીલીન : ૫૦૦ મિગ્રા. મોંઢેથી દિવસમાં ૩ વખત અને ૭ દિવસ સુધી લેવી.

## ૩.૦ ગુપ્તાંગમાં મસા (Warts)




દુઃખાવા વગરના, નાના સફેદ કે કથ્થઇ રંગના કરકરી સપાટીવાળા, સૂકા મસા સ્ત્રીઓને યોનિમાં, ભગોષ્ઠની આસપાસ કે ગુદાની આસપાસ થાય છે. પુરૂષોને તે શિશ્ન પર કે તેની ચામડીની અંદરના ભાગે થાય છે. સાધારણ ખંજવાળ આવે છે. વિષાણુથી થતા આ મસા ઘણા લાંબા સમય સુધી રહે છે અને પછી જાતે જ મટી શકે છે. છતાં ઘણીવાર તે વધી જવાથી તકલીફ આપે છે.

અગત્યની વાત યાદ રાખો કે, જો મોટી-સમથલ-ફોલ્લીઓ જે મસા જેવી લાગે પણ તેમાંથી પાણી નીકળતું હોય તો તે સીફીલીસની નિશાની છે. તે માટે ઘરગથ્થુ દવાઓ ન કરતાં ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.નીચે લખેલી સારવારની દવાઓ સીફીલીસની ફોલ્લી માટે કદી ના વાપરશો.

**સારવાર :**

૧. મસાની આજુબાજુની ચામડીનું રક્ષણ કરવા પેટ્રોલિયમ જેલ કે વેસેલીનનો ઉપયોગ કરવો.
૨. મસાને બાળી મૂકવા ટ્રાઇકલોરોએસિટીક એસિડ કે બાઇકલોરો એસેટીક એસિડનો ઉપયોગ થઇ શકે છે. પણ ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જ આ સારવાર કરવી જોઇએ. મસો બળી જતાં તે પૂરેપૂરો સફેદ થઇ જશે.

**અથવા**

પોડોફાઇલીન (૨૦%) પ્રવાહી વાપરી શકાય. ૬ કલાક પછી ધોઇ નાંખવું. ડૉક્ટરનું માર્ગદર્શન મેળવો. દવાને કારણે મસાની જગ્યાએ નાનકડું ચાંદુ થઇ જશે. તેને સામાન્ય ચાંદાની જેમ ચોખ્ખું રાખવું. તેને મટતાં એક કે બે અઠવાડિયા લાગી શકે છે. તે દરમિયાન સંભોગ વખતે નિરોધ જરૂર વાપરવું. જો કે તે મટે નહીં ત્યાં સુધી સંભોગથી દૂર રહેવું હિતાવહ છે. જે સ્ત્રીને મસા હોય તેને ભવિષ્યમાં ગર્ભાશયના મુખનું કેન્સર થવાની શકયતા વધી જાય છે. તે માટે પેપટેસ્ટ દર એક વર્ષના ગાળે કરાવવો જોઇએ. સગર્ભાવસ્થામાં મસા ઝડપથી વધે છે. તેથી બાળજન્મ વખતે મુશ્કેલી થાય છે. માટે મસાની સારવાર માટે બરાબર તબીબી માર્ગદર્શન જરૂર લેવું.

## ૪.૦ ગુપ્તાંગમાં ચાંદા પડવા

ગુપ્તાંગમાં થતા લગભગ બધી જ પ્રકારના ચાંદા જાતીય સંપર્કથી જ ફેલાય છે. કયા રોગને કારણે ચાંદુ પડયું છે તે જાણવું અઘરું છે. સિફીલીસ અને શાંક્રોઇડ બંન્નેના ચાંદા લગભગ સરખા જ દેખાય

છે. ચાંદાની સારવાર તરત જ કરવી જોઇએ. કારણ એઇડ્ઝ જેવા રોગના વિષાણુ ચાંદા વાટે ખૂબ સહેલાઇથી સીધા લોહીમાં ભળે છે.

**સિફીલીસ** : સિફીલીસ એક ગંભીર જાતીય રોગ છે જેના જીવાણુ વર્ષો સુધી શરીરમાં જીવતા રહે છે. લોહીમાં ભળીને તે આખા શરીરમાં ફેલાય છે. ઘણી વાર ચાંદું થઇને તેની જાતે જ મટી ગયું હોય તો પણ સિફીલીસ માટે લોહીનો ટેસ્ટ કરાવી લેવો.




**ચિહ્નો** : દુઃખાવા વગરનું ખીલ જેવું દેખાય તેવું ચાંદુ થાય છે. તેમાં પાણી ભરાયું હોય તેવું લાગે. ફોલ્લી ફૂટી ગયા પછી ચાંદું થોડા દિવસમાં જાતે જ મટી જાય છે. પણ રોગના જીવાણુ લોહીમાં ફર્યા કરે છે. થોડા વખત પછી તમને ગળામાં દુઃખાવો, મોઢામાં ચાંદા, તાવ, હાથ-પગ પર ગરમી નીકળે (ખાસ કરીને હથેળી, પગના પંજા પર) સાંધા ફૂલી જવા અને દુઃખવા લાગે, વગેરે થાય છે. આ સમયે જાતીય સંપર્ક થાય તો એ રોગ બીજાને લાગી શકે છે. આ બધી નિશાનીઓ જતી રહે છે/મટી જાય છે પણ રોગ ચાલુ જ રહે છે. આગળ પર તેને કારણે હૃદયની તકલીફો, લકવો, માનસિક સમસ્યાઓ અને કોઇવાર મરણ પણ થાય છે. સિફીલીસ થયો હોય તે સ્ત્રીના નવજાત બાળકને આ રોગ થાય છે. તેને લીધે બાળક અધૂરા માસે જન્મે, ખોડવાળુ જન્મે કે મૃત જન્મ થાય. સ્ત્રી જો સગર્ભા હોય તો સિફીલીસ માટે લોહીની તપાસ જરૂર કરાવો. જો પત્નીને સિફીલીસ હશે તો પતિને પણ એ રોગ છે જ. માટે બંનેની દવા સાથે કરવી જોઇએ. તે બંનેને એક સાથે બેન્ઝાથીન પેનિસિલીન ૨૪ લાખ યુનિટનું ઇંજેકશન અઠવાડિયે એક વાર એમ ત્રણ અઠવાડિયા માટે આપવું જોઇએ.

**શાંક્રોઇડ** : જીવાણુથી થતા આ ચાંદાને વહેલી સારવાર મળે તો સહેલાઇથી મટે છે.




એક કે વધુ પોચા પણ ખૂબ દુઃખે તેવા ચાંદા ગુપ્તાંગો પર કે ગુદાની આસપાસ દેખાય છે. તેમાંથી અવાર નવાર સહેજમાં લોહી નીકળી શકે છે.

* સાથળ માસે મૂળમાં વેળ મોટી થાય અને દુઃખવા લાગે છે.
* થોડોક તાવ આવે છે.

સિફીલીસ માટે જણાવેલી સારવાર શાંક્રોઇડ માટે પણ લેવાની હોય છે.

| |
|---|
| ચાંદાની સારવાર માટે તેને એકદમ ચોખ્ખા રાખો./દરરોજ સાબુ + પાણીથી ધુઓ અને તેને કોરા રાખો./કોરા થવા માટે વાપરેલું કાપડ બીજા વ્યક્તિ ન વાપરે તે જરૂરી છે. |

એચ.આઇ.વી./એઇડ્સ કે બીજા જાતીય રોગ ચાંદા વાટે બહુ જલ્દી લાગી શકે છે. તેથી ગુપ્તાંગમાં ચાંદા થયા હોય ત્યારે જાતીય સંપર્ક/સંભોગ કરવો નહિ. એક સાથીને ચાંદા થયા હોય તો તેણે સંભોગ કરવો નહિ અથવા સંભોગ વખતે નિરોધનો ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. આ માટે સારવાર આપનાર ડૉક્ટરની સલાહ જરૂર લેવી.

**ગુપ્તાંગોમાં ચાંદાની દવાઓ :**

**આ દવાઓ સિફીલીસ અને શાંક્રોઇડ બંને મટાડશે.**

| **દવાઓ** | **માત્રા** |
|---|---|
| બેન્ઝાથીન પેનિસિલીન | ૨૪ લાખ યુનિટનું એક ઇંજેક્શન (સ્નાયુમાં) દર અઠવાડિયે – ત્રણ અઠવાડિયા સુધી |
| ઇરીથ્રોમાઇસીન | ૫૦૦ મિગ્રા. ગોળી/કેપ્સુલ દિવસમાં ૩ વાર, સાત દિવસ સુધી (જો ચાંદા સાત દિવસમાં ન મટે તો હજી બીજા સાત દિવસ ઇરીથ્રોમાઇસીન લો.) |

પેનિસિલીન દવાની એલર્જી હોય અનુકૂળ ના આવે તો એકલી ઇરીથ્રોમાઇસીન કેપ્સુલ ૧૫ દિવસ લેવાથી પણ ચાંદા કાબૂમાં આવે છે.



**સિફીલીસ કે શાંક્રોઇડથી થતા ગુપ્તાંગોના ચાંદા માટે બીજી દવાઓ :**

**નોંધ : ડૉક્ટરની સૂચના વગર આ દવાઓ ના લેવી**

**(ચાંદાનું કારણ ખબર પડતું ન હોવાથી બન્ને માટેની દવાઓ લેવી જરૂરી છે)**

**સિફીલીસ :**

વેળાસરની દવા તરીકે બેન્ઝાથીન પેનિસિલીન ૨૪ લાખ યુનિટનું ઇંજેકશન (સ્નાયુમાં) એક જ વાર લેવું. જો તેની એલર્જી હોય તો નીચેની દવાઓ લો.

ડોકસીસાઇકલીનની કેપ્સુલ ૧૦૦ મિગ્રા.

(સગર્ભાએ કે ધાત્રીએ ના લેવી) દિવસમાં ૨ વાર ૧૫ દિવસ સુધી

અથવા ટેટ્રાસાઇકલીનની કેપ્સુલ ૫૦૦ મિગ્રા.

(સગર્ભાએ કે ધાત્રીએ ના લેવી) દિવસમાં ૪ વાર ૧૫ દિવસ સુધી

અથવા ઇરીથ્રોમાઇસીન ગોળી કે કેપ્સુલ ૫૦૦ મિગ્રા. દિવસમાં ૪ વાર ૧૫ દિવસ સુધી (આ ગોળી શાંક્રોઇડમાં પણ કામ આપે છે).

**શાંક્રોઇડ માટે :**

ઇરીથ્રોમાઇસીન લેવી શ્રેષ્ઠ છે. તેને દિવસમાં ૩ વાર ૭ દિવસ સુધી લેવી પડે.

તેના બદલે નીચેની દવાઓ પણ લઇ શકાય :

સિપ્રોફ્લોકસાસીન ૫૦૦ મિગ્રા. મોંએથી એક વાર લેવી

(સગર્ભા, ધાત્રી કે ૧૬ વર્ષથી નાની સ્ત્રીએ ના લેવી).

અથવા કોટ્રાઇમોકસેઝોલ ૪૮૦ મિગ્રા. (૮૦ મિગ્રા. ટ્રાઇમિથોપ્રીમ + ૪૦૦ મિગ્રા. સલ્ફા) બે ગોળી દિવસમાં ૨ વાર ૭ દિવસ સુધી લેવી.

## ૫.૦ ગુપ્તાંગમાં હર્પિસ



આ રોગ વિષાણુથી થાય છે. તે ગુપ્તાંગોમાં કે મોંમા થાય છે. તેમાં લાંબો સમય ચાલે તેવા ફોલ્લા અને પછી ચાંદા થઇ જાય છે. તેમાં મહિનાઓ કે વર્ષો સુધી ચાંદા પડે છે અને મટે છે તેની કોઇ દવા નથી. રાહત આપી શકે તેવી કેટલીક સારવાર કરી શકાય છે. બધી પ્રકારના હર્પિસ જાતીય સંપર્કથી જ થાય છે તેવું નથી. બાળકોને કે મોટાંઓને પણ શરદી કે તાવ આવે ત્યારે હર્પિસના વિષાણુ પણ લાગે છે અને રોગ થાય છે.

ચિહ્નો : ગુપ્તાંગમાં હર્પિસ હોય ત્યારે નાની-મોટી ફોલ્લીઓ ફૂટીને તે જગાએ ચાંદા પડે છે. જેમાં પાણી ભરાય છે અને ખૂબ દુઃખે છે. આ ભાગની ચામડીમાં ઝણઝણાટી, બળતરા, ચચરાટ, ખંજવાળ, દાહ જેવું લાગે અને દુઃખાવો થાય છે. સામાન્ય રીતે તાવ, માથું દુઃખવું, શરીર દુઃખવું, સાધારણ ઠંડી લાગવી, ગળામાં વેળ ઘાલવી, વગેરે લક્ષણો પણ તેની સાથે થાય છે. પ્રથમ વાર થાય ત્યારે તે ત્રણ અઠવાડિયા તો ચાલે જ છે. પછીના હુમલામાં તે થોડું ધીમું પડે છે.

**ગુપ્તાંગમાં હર્પિસની સારવાર :**



રાહત મેળવવા માટે

- ફોલ્લીઓ પર બરફ મૂકો.
- ઠંડા પાણીના પોતાં તે ભાગ પર મૂકો.
- અનુકૂળતા મુજબ ઠંડક કરવાનો પ્રયત્ન કરો.
- એસાઇકલોવિર નામની દવા લેવાથી થોડી રાહત મળે છે. દુઃખાવો ઓછો થાય છે.
- હર્પિસ પર લગાવેલા હાથ તમારી આંખે કે બાળકની આંખમાં ના લાગે તેની ખાસ કાળજી રાખો. હર્પિસ થાય ત્યારે જાતીય સંપર્ક ના કરો.



સગર્ભા સ્ત્રીને હર્પિસ હોય તો બાળજન્મ દરમ્યાન બાળકને પણ તે રોગ મળે છે. બાળજન્મ વખતે સ્ત્રીને ગુપ્તાંગમાં હર્પિસના ચાંદા હોય તો તેની બાળક પર ખૂબ ગંભીર અસર પડે છે. આવું હોય તો સૂવાવડ દવાખાનામાં થાય તે વધુ સારું. તેઓ ઓપરેશન કરી બાળકને ઉપરથી લઇ શકે છે અને બાળક જન્મે એટલે તેને બીજી દવાઓ આપી શકે છે.

## ૬.૦ અન્ય જાતીય રોગ

**એઇડ્સ (એકવાયર્ડ ઇમ્યુનો ડેફીસીયન્સી સિન્ડ્રોમ) :**

આ પણ એક જાતીય રોગ છે. જેના વિષાણુ (એચઆઇવી) જાતીય સંપર્કથી ફેલાય છે. તે યોનિના પ્રવાહીમાં, વીર્યમાં, કે લોહીમાં રહેલા હોય છે. તેથી જે વ્યક્તિને આ વિષાણુનો ચેપ હોવાની શક્યતા છે તેની સાથે જાતીય સંપર્ક ના કરવો તે શ્રેષ્ઠ છે. જરૂર પડચે સંભોગ વખતે લેટેક્ષના નિરોધ વાપરવાથી પણ તે રોગ તમને નહીં લાગે. આ રોગની સારવાર ખૂબ અટપટી, મોંઘી અને લગભગ અશક્ય જેવી છે. તેથી રોગને ફેલાતો અટકાવવાના તમામ ઉપાયો બરાબર સમજી લો. (જુઓ પ્રકરણ ''એઇડ્ઝ'')

**કમળો (હીપેટાઇટીસ બી) :**

આ વિષાણુના ચેપથી પણ ગંભીર રોગ થાય છે અને તે માણસના યકૃતને નુકશાન કરે છે. તે લોહી, થૂંક, લાળ, યોનિપ્રવાહી, વીર્ય વગેરેમાંથી આવે છે. રોગ થયેલા એક માણસના શરીરમાંથી બીજા માણસને તે જાતીય સંપર્ક વખતે લાગે છે. તાવ, ભૂખ ના લાગે, થાક-નબળાઇ, પીળી આંખો અને ચામડી, પેટમાં દુ:ખાવો, પીળો પેશાબ અને સફેદ પડતો ઝાડો તેવાં લક્ષણો છે. ઘણી વાર આમાંથી કોઇ લક્ષણ ના હોય તો પણ આ ચેપ કોઇ વ્યક્તિને હોઇ શકે છે.

વિષાણુથી થતા આ રોગની કોઇ દવા નથી. કદાચ કોઇ દવા લેશો તો તે યકૃતનું નુકશાન વધારે છે. શક્ય તેટલો આરામ કરો. સહેલાઇથી પચે તેવો ખોરાક લો. ઓછામાં ઓછું છ મહિના માટે દારૂનું સેવન ન કરો. રોગ તેની મેળે જ સારો થઇ જાય છે. પણ કોઇક વાર યકૃતમાં થતું નુકશાન રહી જાય છે. કદાચ પાછળથી લાંબે ગાળે કેન્સર પણ થાય. સગર્ભાબેનને કમળો થાય તો બાળકને બચાવવા રસી લઇ શકે છે. પૂરતો આરામ અને રોજિંદો આહાર તેને માટે શ્રેષ્ઠ સારવાર છે.

> સગર્ભાવસ્થામાં આ રોગ લાગ્યો હોય તો તબીબી સારવાર જરૂર લો. તમારા બાળકને આ રોગથી બચાવવા માટે રસી પણ લઇ શકાય છે.

## ૭.૦ જાતીય રોગના ગંભીર પરિણામ

### ૭.૧ પેઢુમાં ચેપ (પેલ્વીક ઇન્ફલેમેટરી ડીસીઝ) :

સ્ત્રીના પેટની નીચેના ભાગમાં આવેલ જનનાંગોના કોઇ પણ ભાગનો ચેપ પેઢુનો ચેપ તરીકે ઓળખાય છે. ખાસ કરીને જાતીય રોગ (ગોનોરિયા કે કલેમાઇડીયા) ની સારવાર ના કરી હોય, થોડા સમય પહેલા જ પ્રસૂતિ થઇ હોય કે કસુવાવડ/ગર્ભપાત થાય ત્યારે આ ચેપ થઇ શકે છે. યોનિમાંથી ઉપરની તરફ આ ચેપ ગર્ભદ્વારમાં થઇને ગર્ભાશય, બીજનલિકા કે બીજાશયમાં લાગે છે. જો તેની સમયસર સારવાર



ના થાય તો કાયમનો દુ:ખાવો, બિમારી અને ક્યારેક મરણ પણ થઇ શકે છે. બીજનલિકામાં થયેલ ચેપથી તેનો માર્ગ પૂરાઇ જાય તો ભવિષ્યમાં ગર્ભ ના રહે તેવું પણ થઇ શકે છે અથવા ગર્ભાશયને બદલે ગર્ભ બહારના કોઇ અંગમાં થાય (દા.ત. ટ્યુબમાં ગર્ભ).

**લક્ષણો :** પેઢુમાં નીચલા ભાગે દુ:ખાવો, ખૂબ તાવ, યોનિમાંથી વાસ મારતું દુર્ગંધવાળુ લીલા કે પીળા રંગનું પ્રવાહી/પાક પડે, સંભોગ સમયે દુ:ખાવો થાય અને ક્યારેક લોહી પણ પડે, ખૂબ નબળાઇ લાગે અને માસિકમાં અનિયમિતતા આવે.

**સારવાર :**

નીચે જણાવેલી દવાઓ જરૂર લો. ૪૮ કલાકમાં તમને સારું ના થાય કે હજી ખૂબ તાવ આવતો હોય અથવા ઉલ્ટીઓ થતી હોય અથવા થોડા સમય પહેલાં જ પ્રસૂતિ કે ગર્ભપાત થયો હોય તો આરોગ્ય કેન્દ્રમાં તાત્કાલિક જાઓ. તમારે વધુ ભારે દવાઓની જરૂર છે.

**પેઢુમાં ચેપની દવાઓ :** આ દવાઓ તબીબી સૂચના વગર લેવી નહિ.
આ ચેપમાં અલગ અલગ પ્રકારના રોગાણુ હોઇ શકે છે. તેથી ત્રણ દવાઓ એક સાથે ચાલુ કરવી પડશે.

| **દવા** | **માત્રા** | **ક્યારે અને કેવી રીતે લેવી** |
|---|---|---|
| નોરફ્લોકસાસીન કેપ્સુલ | ૮૦૦ મિગ્રા. | એક જ વાર (સગર્ભા કે ધાવણ આપતી માતા કે ૧૬ વર્ષથી નાની છોકરીઓએ ના લેવી.) ગળવી. |
| + | | |
| ડોકસીસાઇકલીન કેપ્સુલ | ૧૦૦ મિગ્રા. | દિવસમાં બે વાર દસ દિવસ સુધી દરરોજ ગળવી. (સગર્ભા કે ધાત્રી વસ્થામાં ના લેવી) |
| + | | |
| મેટ્રોનીડાઝોલ | ૪૦૦ મિગ્રા. | મોં વાટે દિવસમાં ત્રણ વાર, સાત દિવસ માટે લેવી. |

**નોરફ્લોકસાસીનને બદલે નીચેની દવાઓ લઇ શકાય :**

- સેફ્ટ્રીયાકઝોન ૨૫૦ મિગ્રા. સ્નાયુમાં એક જ ઇંજેકશન
- સેફીકસીમ ૪૦૦ મિગ્રા. મોંએથી એક જ વાર લેવી.
- કોટ્રાઇમોકસેઝોલ (૮૦ મિગ્રા. ટ્રાઇમીથોપ્રીમ + ૪૦૦ મિગ્રા. સલ્ફામિથોકસેઝોલ) ની પાંચ ગોળીઓ-દિવસમાં ૨ વાર ત્રણ દિવસ માટે લેવી.
- સિપ્રોફલોકસાસીન ૫૦૦ મિગ્રા. દિવસમાં એક વાર મોંએથી લેવી. (સગર્ભા ધાત્રી અને ૧૬ વર્ષથી નાની સ્ત્રીએ ના લેવી).
- કેનામાઇસીન ૨ ગ્રામ, સ્નાયુમાં એક જ ઇંજેકશન લેવું. (સગર્ભા ધાત્રીએ ના લેવી).

**ડોકસીસાઇકલીનને બદલે નીચેની દવાઓ લઇ શકો છો :**

- ટેટ્રાસાઇકલીન ૫૦૦ મિગ્રા. દિવસમાં ૪ વાર ૧૦ દિવસ સુધી લેવી. (સગર્ભા ધાત્રીએ ના લેવી).
- ઇરીથ્રોમાઇસીન ૫૦૦ મિગ્રા. દિવસમાં ૪ વાર ૭ દિવસ સુધી લેવી.
- એમોકસીસીલીન ૫૦૦ મિગ્રા. દિવસમાં ૩ વાર ૧૦ દિવસ સુધી લેવી.

જે સ્ત્રીઓને અનેક વ્યક્તિઓ સાથે જાતીય સંબંધ હોય તેમને જુદા જુદા રોગાણુ એક સાથે હોઇ શકે. તેઓ એઝીથ્રોમાઇસીન, ૧ ગ્રામ એક જ વાર મોંએથી લઇ શકે છે. કોઇક વાર બે ગ્રામ લેવાય પણ તેની આડઅસર રૂપે ઉલટી ઉબકા ખૂબ થાય છે. વળી, આ દવા ખૂબ મોંઘી અને જલ્દી ના મળે તેવી છે.

કોસીન્દ્રા ગામના માલુબેન કહે છે કે મારા પતિ પાલનપુરની એક શાળામાં શિક્ષક છે. તેઓ વેકેશનમાં ગયા વર્ષે આવ્યા હતા. પછી તેઓના ગયા બાદ થોડા દિવસમાં જ હું બહુ બિમાર થઇ ગઇ. મને પેટમાં દુઃખાવો રહેતો અને તાવ આવ્યા કરતો. ઘણી બધી ઝાડમૂળીની દવા કરી ના મટ્યું અને છેવટે પણ ખૂબ નબળી થઇ ગઇ, ત્યારે મારા જેઠ અને પડોશી થઇને મને હોસ્પિટલમાં લઇ ગયા. ત્યાં ડૉક્ટરે કહ્યું કે મારે એક મોટું ઓપરેશન કરાવવું પડશે અને ભવિષ્યમાં મને બાળક નહીં થાય. પછી મને ખૂબ પસ્તાવો થયો કે મેં દુઃખાવો શરૂ થયા પછી તરત જ ઘર-ખેતરની ચિંતા બાજુએ મૂકીને હોસ્પિટલની દવા લીધી હોત તો આજે મારે આવી તકલીફ ના થાત. હજી હું ઓપરેશનના પૈસા માટે મારા પતિની રાહ જોઉં છું. તેઓ આવતા વેકેશનમાં આવશે ત્યારે કદાચ ઓપરેશન કરવા જઇ શકીશ.



### ૭.૨ બાર્થોલીન ગ્રંથીનો ચેપ (યોનિનો સોજો)



યોનિ દ્વાર પાસે જ યોનિની અંદર બન્ને બાજુએ આ ગ્રંથિ આવેલી છે. તેમાંથી વહેતા પ્રવાહીને કારણે યોનિ સુંવાળી રહે છે. તેનો ચેપ થવાની નિશાનીઓ :

યોનિ સૂજેલી દેખાય, ખૂબ દુઃખે, ગરમ ગરમ લાગે અને તેનો રંગ થોડો ઘાટ્ટો જણાય. સામાન્ય રીતે એક બાજુ જ આવું થતું હોય છે. કોક વાર સોજો હોય છે પણ દુઃખાવો થતો નથી. હંમેશાં જાતીય રોગથી જ આવું થાય છે એમ નથી છતાં જે સ્ત્રીને ગોનોરિયા કે કલેમાઇડીયા હોય તેને આવું થઇ શકે છે.

**સારવાર :**

૧. ચોખ્ખા કપડાને ગરમ પાણીમાં પલાળીને તેની પર શેક કરો. શેક કરવાનું વારંવાર ચાલુ રાખો. શેકથી તે પાકીને ફૂટી જશે. દબાવીને બધું પરૂ કાઢી લો ચોખ્ખા પાણીથી સાફ કરો અને ફરીવાર પરૂ આવે તો ફરી તે પ્રમાણે કરો.

૨. તમને અને તમારા પતિને દવાની જરૂર છે. ગોનોરિયા અને કલેમાઇડીયાની દવા લેવી.

૩. હજી સોજો ના મટે અને તકલીફ ચાલુ રહે તો આરોગ્ય કેન્દ્રમાં જાવ અને સારવાર કરાવો.

### ૭.૩ નવજાત શિશુને ચેપ :



ગોનોરિયા કે કલેમાઇડીયાને કારણે પ્રસૂતિ વખતે નવજાત શિશુને આંખમાં ચેપ લાગે છે. તેની બરાબર સારવાર ન થાય તો તે આંધળું બની જાય છે. આમ થતું અટકે તે માટે નવજાત શિશુની આંખમાં જન્મ પછી તરત જ જીવાણુ વિરોધી મલમ લગાવો. ક્યારેક કલેમાઇડીયાથી શિશુને વરાધ પણ થાય છે તે માટે વરાધની દવા કરાવો.

## ૮.૦ જાતીય રોગોમાં રાહત મેળવવા માટે શું કરશો ?

જાતીય રોગ થયો હોય તો ઉપર બતાવ્યા પ્રમાણે દવા તો લેવી જ પડે. સાથે સાથે તકલીફમાંથી રાહત માટે નીચે બતાવ્યા મુજબ કરો.

૧. હૂંફાળા પાણી ભરેલા તગારામાં ૧૫ મિનિટ સુધી દિવસમાં બે-ત્રણ વાર બેસી રહો. ફૂગનો ચેપ હોય તો પાણીમાં વીનેગર નાંખો. લીંબુનો રસ કે દહીં પણ નાંખી શકાય છે.

૨. બરાબર સારું ના થાય ત્યાં સુધી સંભોગ ના કરશો.



૩. અંદરના કપડા સુતરાઉ અને ખૂલતા પહેરો જેથી જનનાંગોમાં હવા લાગી શકે.
૪. અંદરના કપડા દિવસમાં બે વાર ધોઇ, તડકે સૂકવીને પહેરો.
૫. જરૂર પડચે દુ:ખાવો મટવાની દવા લેવી.
૬. જો જનનાંગોમાં ચાંદા પડ્યા હોય તો અને પેશાબમાં બળતરા થતી હોય તો પેશાબ કરતી વખતે ઠંડુ પાણી તેની પર રેડવું અથવા ઠંડુ પાણી ભરેલા તગારામાં પેશાબ કરવા બેસવું.

## ૯.૦ જાતીય રોગ માટે દવાઓ

આ પ્રકરણમાં તમને જાતીય રોગ માટે અમે સૂચવેલી દવાઓ અસરકારક, સહેલાઇથી મળી શકે તેવી અને બહુ મોંઘી ના હોય તેવી છે. કેટલીકવાર વિવિધ કારણોસર તમારે બીજી દવાઓ પણ લેવી પડે છે. વળી મોટે ભાગે જાતીય રોગ થવાનું કારણ એકથી વધુ હોય છે. તેથી તમારે દવાઓ પણ એકથી વધારે લેવાની જરૂર હોય છે. તમે સગર્ભા કે ધાત્રી હશો તો પણ તમને બીજા પ્રકારની દવાઓ લેવાની થશે. કેટલીકવાર જાતીય રોગના રોગાણુ અમુક દવાનો પ્રતિરોધ કરી શકે તેવા હોય છે તેથી પણ કદાચ તમારે બીજી દવાઓની જરૂર પડે છે. યાદ રાખો જાતીય રોગની સારવાર માટેની મોટાભાગની દવાઓ ડૉક્ટરની ચિઠ્ઠી (પ્રીસ્ક્રીપ્શન) વગર લેવી યોગ્ય નથી.

દવાના પેકેટ કે પટ્ટી પર લખેલી ચેતવણીની સૂચના વાંચીને પછી જ દવા લેવી. જો સૂચના ના લખી હોય તો દવા સલામત છે એમ માનવું.

* તમારા પતિની દવા પણ તમારી સાથે જ કરાવો.
* બધી જ દવાઓનો કોર્સ પૂરો કરવો.
* રોગની નિશાનીઓ બરાબર જતી ના રહે ત્યાં સુધી સંભોગ ના કરો.



દવાનો કોર્સ પૂરો થઇ ગયા પછી પણ કેટલીકવાર થોડી તકલીફ ચાલુ રહે છે. તેથી આ સમય દરમ્યાન સંભોગ ના કરવો.

* તમારી કે તમારા પતિની દવાઓનો કોર્સ અધૂરો હોય તો સંભોગ ના કરશો.
* રોગ નથી મટતો એવું લાગે તો દવાખાને જાઓ.
* રોગ મટ્યા પછી સલામત જાતીય સંબંધ રાખવાનો પ્રયત્ન કરો.

આ પુસ્તકના લીલા પાનાઓમાં દરેક દવા અને તેની લગભગ બધી માહિતી આપેલી છે. દવા લેતાં પહેલા તેનો અભ્યાસ કરી લો.

કોઇ પણ દવા અંગે સ્પષ્ટતા ન હોય તો આરોગ્ય કાર્યકર કે દવાની દુકાનવાળાને પૂછી લો.

**દવા પ્રતિકારકતા અને જાતીય રોગની દવાઓ :**

જ્યારે પણ જાતીય રોગ માટે જીવાણુ વિરોધી દવા લો છો ત્યારે તેને નિયત સમયે નિયત દિવસો સુધી લેવાની હોય છે. જો આ કોર્સ બરાબર રીતે નહીં લો. તો તમારા રોગના કેટલાક જીવાણુ દવા સામે પ્રતિકારકતા કેળવશે અને તેમાંથી બીજા જબરા જીવાણુ બનશે. આ નવા જીવાણુ દૂર કરવા માટે કદાચ અગાઉની દવા કામ નહીં લાગે કારણ કે હવે તે આ દવાને ગાંઠતા નથી. તેથી તમારે વધુ ભારે અને મોંઘી દવાઓ લેવી પડશે. તેનાથી નુકશાન તમારું જ છે. તેથી જીવાણુ વિરોધી દવાનો કોર્સ બરાબર પૂરો કરવો.

## ૧૦.૦ પરિવર્તન માટે પ્રયાસ

**જાતીય રોગ અટકાવવા માટે :**

✷ સલામત જાતીય સંબંધ રાખો. (જાતીય સ્વાસ્થ્ય પ્રકરણ જુઓ).

✷ દરેક વખતે નિરોધનો ઉપયોગ કરો.

જાતીય રોગ થતો અટકે તો તમે અને તમારા સાથી ગંભીર રોગો અને વ્યંધત્વમાંથી બચી શકો છો.







✷ કોઇપણ વનસ્પતિ કે પાવડરથી યોનિમાર્ગને સૂકો કરવાનો પ્રયત્ન ના કરશો. સાબુ યોનિમાર્ગના કુદરતી ભેજનું વાતાવરણ બગાડી નાંખે છે. તેથી જાતીયસંબંધમાં મુશ્કેલી પડે છે.

નિરોધ વાપરો :

તેનાથી તમે

✷ જાતીય રોગ અટકાવી શકો છો.

✷ સાથીનું સ્વાસ્થ્ય સચવાય છે.

જ્યારે જાતીય રોગ થયો હોય ત્યારે શરીરસંબંધ ના કરવો.



**તમારા ગામમાં આટલું કરો :**

> કેળાની મદદથી નિરોધ પહેરાવતા શીખવો.



- ✷ વધુને વધુ સ્ત્રી-પુરૂષોને જાતીય રોગો વિશે અને તે અટકાવવાના ઉપાયોથી માહિતગાર કરો.
- ✷ પુરૂષોને એકલા બોલાવી નિરોધ કેવી રીતે પહેરવા તે શીખવાડો.
- ✷ તે અંગે વાત કેવી રીતે કરવી તે બાબત વિચાર કરો.
- ✷ તમારા ગામમાં કે વિસ્તારમાં નિરોધ મળી રહે તે માટે પ્રયત્ન કરો.
- ✷ પુરૂષોને શીખવો કે તેઓ એકબીજાને આ બાબત શીખવાડે.
- ✷ નિશાળમાં જાતીય શિક્ષણ અને જાતીય રોગ વિશે માહિતી આપો.
- ✷ જાતીયરોગ થયો હોય તેવા વ્યક્તિને ગુનો કર્યો છે તેવી લાગણી ના આપો.
- ✷ તેનો આદર કરી, સારવાર કરો. ભવિષ્યનો રસ્તો બતાવો.

> વડોદરા ના નંદેસરી ગામમાં આરોગ્ય રક્ષક અને લોકોએ ભેગા થઇ નિરોધનું નાટક કર્યું. ત્યારથી વધુ પુરૂષો નિરોધ વાપરે છે. તેઓનો અંદરો અંદરનો સંકોચ દૂર થઇ ગયો છે.



